જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.0૩/૧૨/૨૦૧૮  સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**  સમાચાર યાદી નં.૨૩૪૭/૧૮

---

## જુગારનો ગણનાપાત્ર કેસ શોધતી જીઆઈડીસી વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી પ્રોહી જુગારની બદી નેસ્તોનાબુદ કરવા મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓની સુચના અનુસાર સર્વેલન્સ પોસઈશ્રી વિરેંદ્રસિંહ.એન.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મસઈ મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ તથા એલ.આર દીવ્યરાજસિંહ રવિન્દ્રસિંહ નાઓની બાતમી હકીકત આધારે વિનોબાભાવેનગર સરસ્વતી સ્કુલ પાછળ ખુલ્લા પાર્કીંગમાં જાહેરમાં રેઈડ કરતા: (૧) ક્રિષ્ણકુમાર ગીશારામ શર્મા ઉ.વ. ૪૮ રહે. એલ/૩/૨, ઓમશાંતિનગર ભમ્મરીયા કુવા પાસે લાંભા વટવા રોડ વટવા અમદાવાદ શહેર (૨) રાજેશકુમારમાંગેરામ પુરીયા ઉ.વ.૪૧ રહે.કે-૫૦૧,સિંધાની પ્લેટીનમ શ્રીનાથ રેસીડેંસી  પાસે નારોલ અમદાવાદ શહેર (૩) સુરેશકુમાર સંતલાલ દાલમિયા ઉ.વ.૪૮ રહે.ડી/૯નિગમ સોસાયટી સ્મુતિ મંદિર રોડ ઘોડાસર અમદાવાદ શહેર (૪) મોહમંદફારૂક નૂરમોહંમદ મનીયાર ઉ.વ. ૩૮ રહે. વેરીયામાતાનીચાલી ગોલ્ડન પાર્ક ,વિલ્સંહોટલની પાછળ નારો અમદાવાદ શહેર (૫) વસીમખાન નઇમખાન પઠાણ ઉ.વ. ૩૨ રહે. મ.નં ૧૧,ગ્રીનપાર્ક ટેનામેન્ટ ધર્મકુંજ સોસાયટી સામે,રંગોલીનગર વટવા અમદાવાદ શહેર નાઓને તા:0૨/૧૨/૧૮ ના ક:૧૯/૩૦ વાગે જુગારધારા કલમ-૧૨ મુજબ અટક કરેલ છે.અને તેમની પાસેથી રોકડ રકમ રૂપિયા ૨૯,૯૦૦/- તથા ગંજીપાના નંગ ૫૨ કિં રૂ ૦૦/૦૦ તથા ૫ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૧૯,૮૦૦/- તથા અલગ અલગ કંપનીના ત્રણ મો.સા કુલ્લે કિંમત રૂપિયા ૭૦,૦૦૦/- ના મળી કુલ્લે રૂપિયા ૧,૧૯,૭૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢવામાં આવેલ છે.

નોધ- આ આરોપીઓમાં (૧) તથા નં (૨) વટવા પો.સ્ટે ખાતે જુગારમાં પકડાયેલા છે. તેમજ આરોપી નં-(૪) એસ.ઓ.જી. બ્રાંચમાં એક વર્ષ પહેલા જુગાર રમતા પકડાયેલાની કબૂલાત કરેલછે

# રામોલ પોલીસ સ્ટેશન

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરવા બાબત

## પ્રોહીબીશન સબંધી

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી ક્રમાંકઃ- પીસીબી/ડીટીએન/૧૧૪૮/૨૦૧૮ તા.૦૧/૧૨/૨૦૧૮ આધારે બકુલભાઇ હિમ્મતભાઇ ચૌહાણ ઉ.વ.૩૮ રહે પ્લોટ નં.ડી/૧૮ પચાસ વારીયા રામદેવપીર વાળો ખાંચો શીવાજી સર્કલ ઘોઘા રોડ ભાવનગર જિ.ભાવનગર નાઓની વિરૂધ્ધમા દાખલ થયેલ પ્રોહીબીશનના ગુન્હામા સદરી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોઇ આરોપીને તા.૦૧/૧૨/૨૦૧૮ ના ક.૨૦/૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા હુકમની બજવણી કરી ભુજ જેલ ખાતે પાસા તળે અટકાયતમા રહેવા સારૂ મોકલી આપવા તજવીજ કરેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.